## અસામાન્ય અને યુનિક કહી શકાય તેવી ઇટોથી બનેલું દેશમાં પ્રથમવાર


# દિશા સૂચક સ્ટ્રક્ચર વડનગરમાંથી મળ્યું

**વતન વડનગરમાં ચાલી રહેલા ઉત્ખલન દરમ્યાન બે મીટર વ્યાસ ધરાવતું પૌરાણિક દિશા સૂચક સ્ટ્રક્ચર મળી આવ્યું છે : યુનિક કહી શકાય તેવી ઇટોથી બનેલું આ સ્ટ્રક્ચર દેશમાં પ્રથમવાર વડનગરમાંથી મળ્યું હોવાનો પુરાતત્વ વિભાગનો દાવો : હાલમાં આ સ્ટ્રક્ચર ૧૧ મી સદીનું હોવાનું મનાઈ રહ્યું છે : સાથે આ સમગ્ર ખોદકામ દરમિયાન માનવ કંકાલ પણ મળી આવ્યા છે**






સમગ્ર ગુજરાતમાં અતિ પ્રાચીન હયાત નગર હોવાનું બહુમાન ધરાવતું નગર એટલે વડનગર ગણવા માં આવે છે. ૩૦૦૦ વર્ષ જૂની આ નગરીના ઈતિહાસને ઉજાગર કરવા વડનગરમાં છેલ્લા ૧૦ વર્ષથી



ઉતખલન ચાલી રહ્યું છે. જેમાં રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે હાલ માં મહત્વનું પગલું ભર્યું છે. આ ઉતખલન દરમ્યાન વિવિધ સ્થાપત્યો, અવશેષો, બૌદ્ધ સ્તૂપ અને માટીના વાસણો અહીંથી મળી આવ્યા છે. તો વર્તમાન સમયમાં સૌથી યુનિક કહી શકાય તેવુ એક સ્ટ્રક્ચર શોધી કાઢવામાં સફળતા આર્કીયોજીકલ ડીપાર્ટમેન્ટને હાથ લાગી છે.

અમરથોલ દરવાજા વિસ્તારમાં ખોદકામ દરમ્યાન બે મીટર વ્યાસ ધરાવતું એક સ્ટ્રક્ચર મળ્યું છે. આ સ્ટ્રક્ચર દિશા સૂચક યંત્ર હોવાનું હાલના તબક્કે માનવામાં આવી રહ્યું છે. જો કે, હાલના તબક્કે આ સ્ટ્રક્ચર માટે વિભિન્ન ત્રણ મત પ્રવર્તી રહ્યા છે. પુરાતત્વ વિભાગના મતે કાંતો આ સ્ટ્રક્ચર દિશા સૂચક યંત્ર, વાસ્તુ યંત્ર કે જ્યોતિષ અથવા મેલી વિધ્યા માટે ઉપયોગમાં લેવાતું યંત્ર હોઈ શકે છે. અલબત્ત આવા પ્રકારનું સ્થાપત્ય હજુ સુધી દેશમાં ક્યાંય મળ્યું નથી. આ સ્ટ્રક્ચર ઉપર પ્રોટો નાગરી લિપિમાં દિશાઓ લખી હોવાનું જણાય છે. તો, પાંચમી સદીના અવશેષો પરથી મોગલકાલીન કબ્રસ્તાન પણ આ સ્થળેથી મળી આવ્યું છે. અને આ સ્થળેથી ૭૦૦ વર્ષ જુના માનવ કંકાલ મળી આવ્યા છે. તો, ૧૧ મી સદીમાં બંધાયેલું યુનિક સ્ટ્રક્ચર અન્ય સ્થળે જવા માટે દિશાઓ જોવા માટે તેનો ઉપયોગ થતો હોવાનું અનુમાન છે. તેમ મમતા શર્મા સાઈટ સુપરવાઈઝર, પુરાતત્વ વિભાગ, વડનગર



એ જણાવ્યું હતું. વડનગરના અમરથોલ દરવાજા પાસેથી મળી આવેલા યુનિક સ્ટ્રક્ચરની વાત કરીએ તો આ સ્ટ્રક્ચરની ઈંટો પર ત્રણ સીધી રેખાઓ દર્શાવાઈ છે. જે પૌરાણિક ગ્રંથ આધારિત છે. ત્રણ દેવી શક્તિઓને આધારિત ત્રણ રેખાઓ આ સ્ટ્રક્ચર પર અંકિત થયેલી છે. જો કે, પુરાતત્વ વિભાગ હજુ સંશોધન કરી રહ્યું છે. તો બીજી તરફ વડનગરમાં વિવિધ સાત સ્થળે ચાલી રહેલા ઉતખલન દરમ્યાન પ્રથમ સ્ટ્રક્ચરમાં સત્રપ, ત્યારબાદ સોલંકી, ત્યારબાદ વાઘેલા, અને ત્યાર પછી મોગલ કાલીન અવશેષો શોધવામાં પુરાતત્વ વિભાગને સફળતા મળી છે. સત્રપ કાલીન અવશેષો આશરે ૩૦૦૦ વર્ષ જુના હોઈ શકે છે. જો કે ખાસ મહત્વપૂર્ણ બાબત એ છે કે, વડનગરમાં ઉતખલન દરમ્યાન મોટી માત્રામાં ચાંદી અને શિશાના સિક્કા મળ્યા છે પરંતુ સોનાના સિક્કા બહુ જૂજ સિક્કા મળ્યા છે. એટલે કે, સોલંકી અને સત્રપ કાલીન યુગમાં ચલણ તરીકે ચાંદી અને શિશાના સિક્કાનો

ઉપયોગ થતો હોવાનું અનુમાન છે. જ્યારે હાલમાં ૭ જગ્યા પરના ખોદકામ દરમિયાન ૫૦ ફૂટ કરતા પણ વધુ ખોદકામ બાદ જુનું વડનગર હાલમાં જમીનમાં ધરબાયેલું મળી આવ્યું છે. વડનગરના



ભીતરમાં ધરબાયેલો ઉતિહાસ એ રાજ્ય જ નહીં સમગ્ર દેશનો વારસો છે. અને આ વારસાને ઉજાગર કરવા વડનગરમાં છેલ્લા ૧૦ વર્ષથી પુરાતત્વ વિભાગ રાત દિવસ કામ કરી રહ્યું છે. ત્યારે હવે નજીકના જ ભવિષ્યમાં આખરે વડનગર નગરનો ઈતિહાસ શુ હતો તે ઉજાગર થવાની આશા ચોક્કસ બંધાઈ રહી છે તેમ કહીએ તો નવાઈ નહી.

# બનાસ ડેરીના ચેરમેનપદે પુનઃ શંકરભાઈ ચૌધરી

પાલનપુર, તા. ૪

એશિયાની સૌથી મોટી ડેરી અને બનાસકાંઠાના પશુપાલકો અને ખેડૂતોની જીવાદોરી સમાન




બનાસ ડેરીના ચેરમેન અને વાઈસ ચેરમેનની મુદ્દત અઢી વર્ષે પૂર્ણ થતા આજ રોજ બનાસ ડેરી ખાતે ડેપ્યુટી કલેક્ટર (જિલ્લા પુરવઠા અધિકારી) એસ.જે. ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાયેલી નિયામક મંડળની બેઠકમાં વર્તમાન ચેરમેન શંકરભાઈ ચૌધરીની બીજી ટર્મ માટે પણ બિનહરીફ કરવામાં આવી હતી. જયારે વાઈસ ચેરમેન પદે માવજીભાઈ દેસાઈની પણ પુનઃ વરણી કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા અઢી વર્ષના સમયગાળામાં ચેરમેન શંકરભાઈ ચૌધરી અને નિયામક મંડળના નેતૃત્વમાં બનાસ ડેરીએ જિલ્લાના ખેડૂતો અને પશુપાલકો માટે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. તેમજ દૂધના પોષણક્ષમ ભાવો આપ્યા છે. રૂ. ૮,૨૬૩ કરોડના ટર્નઓવર સાથે બનાસ ડેરીએ વૈશ્વિક ફલક પર પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. દૈનિક સર્વાધિક ૬૫ લાખ લિટર દૂધનું સંપાદન કરીને ઉપભોગતાઓને પણ ઉચ્ચ ગુણવત્તાવાળી ડેરી પ્રોડક્ટ મળે તે દિશામાં અગ્રેસર રહી છે. પશુપાલકોને ગુણવત્તાયુક્ત અને સસ્તા દરે બનાસદાણ પૂરું પાડવામાં આવે છે. દૂધના ધંધામાં વૈશ્વિક મંદીના માહોલ વચ્ચે પણ અન્ય ડેરીઓ કરતા દૂધના સારા ભાવો આપ્યા છે. છેલ્લા બે વર્ષમાં પાઉચ દૂધનું વેચાણ ૨૪ લાખે પહોચાડ્યું છે ૧૦૦ કરોડ જેટલી રકમની સમય મર્યાદા પહેલા લોનની ચૂકવણી થતા આર્થિક ભારણ ઘટ્યું છે. ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની લોનના વ્યાજની પુનઃ સમીક્ષા કરાવી ડેરીનું વ્યાજનું ભારણ રૂ. ૩૦ કરોડ જેટલું હળવું કર્યું. જિલ્લાની પ્રાથમિક દૂધ મંડળીઓ માટે ઉચ્ચ ટેકનોલોજીના ઉપયોગથી મંડળીઓનું આધુનિકરણ કર્યું છે. કોમન સોફ્ટવેરના ઈનોવેશનથી દૂધ ઉત્પાદકોને પણ રોજેરોજનો દૂધનો હિસાબ આપી શકાય છે.

બનાસ ડેરીના ચેરમેન તરીકે અઢી વર્ષ પૂરા થતા બીજી ટર્મ માટે યોજાયેલી ચૂંટણીમાં શંકરભાઈ ચૌધરીની પુનઃ બિનહરીફ વરણી થતા બનાસકાંઠા જિલ્લામાં હર્ષની લાગણી પ્રસરાઈ ગઈ હતી, આ પ્રસંગે બનાસ ડેરી ખાતે કેન્દ્રીયમંત્રી હરિભાઈ ચૌધરી, રાજ્યના મંત્રી અને બનાસ ડેરીના ડિરેક્ટર પરબતભાઈ પટેલ, ધારાસભ્ય શશીકાંત પંડ્યા, કીર્તિસિંહ વાઘેલા, પૂર્વમંત્રી અને જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણ, બનાસ બેંકના ચેરમેન એમ. એલ. ચૌધરી, પૂર્વ ચેરમેન દલસંગભાઈ પટેલ, પૂર્વ મંત્રી હરજીવનભાઈ પટેલ સહિત આગેવાનોએ ઉપસ્થિત રહીને નવા વરાયેલ ચેરમેન શંકરભાઈ ચૌધરી અને વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈને શુભેચ્છા પાઠવી હતી. દૂધ ઉત્પાદકો, સહકારી આગેવાનો અને સમાજિક આગેવાનોએ પણ શુભેચ્છા પાઠવી હતી.

# મોડાસાના ખલીકપુર ખેડૂતના ઘર નજીક પડેલ ઘાસચારામાં આગ લાગતા અફડાતફડી



મોડાસા, તા. ૪

મોડાસાથી ૩ કિમી દૂર આવેલા ખલીકપુર ગામના શોભનાજી સોનજી ખાંટ નામના ખેડૂતે ઘર નજીક પશુઓ માટે વર્ષ દરમિયાન ખોરાક પૂરો પાડવા સંગ્રહ કરેલા ઘાસચારાના મોટા ઢગલામાં અગમ્ય કારણોસર આગ લાગતા ભારે અફડાતફડી મચી હતી અને આગે જોત જોતામાં ભયાવહ રૂપ ધારણ કરતા ખેડૂત સહીત ગામલોકો આગના સ્થળે દોડી આવી આગ પર કાબુ લેવાનો પ્રયત્ન કરી મોડાસા ફાયરબ્રિગેડને જાણ કરતા ફાયરબ્રિગેડની ટીમ બે ફાયર ફાયટર મશીન સાથે પહોંચી પાણીનો ભારે મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવવામાં સફળતા મળતા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. આગમાં ખેડૂતનો મોટા ભાગનો ઘાસચારો બળીને ખાખ થઈ જતા ખેડૂત માટે પડતા પર પાટુનો માર જેવી હાલત થઈ હતી.

# રાજ્યમાં દારૂની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવામાં અરવલ્લી પોલીસને સફળતા

મોડાસા, તા. ૪

અરવલ્લી જિલ્લાને અડીને પાડોશી રાજસ્થાન રાજ્યનો મોટો સરહદી વિસ્તાર આવેલ છે અને રાજસ્થાન રાજ્યમાંથી અરવલ્લી જિલ્લામાં થઈ ગુજરાતમાં પ્રવેશવાના નાના-મોટા ઘણા રસ્તાઓનો ઉપયોગ કરી અસામાજીક તત્વો ચોરી છુપીથી ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસર હેરાફેરીના ગુન્હા કરતા હોય છે તેમ છતાં ગુજરાત રાજ્યની દારૂબંધીની નીતિની સફળ અમલવારી થાય અને આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ સદંતર અટકાવવા અને નેસ્ત નાબુદ કરવા પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારી (ડીજીપી) ગુજરાત રાજ્ય ગાંધીનગરનાઓના હુકમ અને સુચના મુજબ તેમજ એ.કે. જાડેજા, ઈન્ચાર્જ પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર વિભાગ, ગાંધીનગરનાઓના સુચના અને માર્ગદર્શન મુજબ તેમજ કે.એન. ડામોર, પોલીસ અધિક્ષક, અરવલ્લીનાઓના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ રાજસ્થાન રાજ્યમાંથી અરવલ્લી જિલ્લામાં થઈ ગુજરાતમાં પ્રવેશતા તમામ માર્ગો ઉપર અસરકારક વાહન ચેકીંગ પ્રોહી નાકાબંધી કરવામાં આવેલ હતી.

જે પ્રોહીની ગેરકાયદેસર હેરાફેરીની પ્રવૃત્તિ સદંતર અટકાવવા અને નેસ્ત નાબુદ કરવા સારૂ અરવલ્લી જિલ્લા પોલીસ દ્વારા ગઈ તા. ૨-૬-૧૮ તથા તા. ૪-૬-૧૮ એમ કુલ ત્રણ દિવસમાં જ પોલીસ ઈન્સ્પેક્ટર એલસીબી મોડાસા જિલ્લો અરવલ્લી તથા પો. સબ ઈન્સ. શામળાજી પોલીસ સ્ટેશનનાઓએ મળી ઈંગ્લીશ દારૂની ગેરકાયદેસર હેરાફેરી કરતા કુલ ચાર કન્ટેનરો પકડી પાડી ઈંગ્લીશ દારૂનો મુદ્દામાલ કબજે લીધેલ છે. જે ગેરકાયદેસર હેરાફેરી અટકાવવામાં અરવલ્લી જિલ્લા પોલીસને મોટી સફળતા હાંસલ થયેલ છે.


# પ્રાંતિજ ખાતે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજનો યુવા મિલનોત્સવ યોજાયો



પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી બાવન કડવા પાટીદાર સમાજ વાડી ખાતે સમાજના યુવાનો દ્વારા પ્રથમ વખત યુવા મિલનોત્સવ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ૧ થી ૫૦ વર્ષ ના લોકો પરિવાર સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રાંતિજ ખાતે શ્રી બાવનગોળ કડવા પાટીદાર સમાજ દ્વારા રેલ્વે સ્ટેશન જી.ઈ.બી. પાસે આવેલ ઉમાધામ સમાજવાડી ખાતે સમાજના યુવાનો દ્વારા પ્રથમવાર યુવા મિલનોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સમાજનાં જ્ઞાતિબંધુઓ સાથે મળીને એક બીજાના વિચારોને પરસ્પર આહવાન પ્રદાન કરી સમાજના નવનિર્માણ સમાજના વિકાસ સાથે રહેવા એક બીજાને આહવાન કરવામાં આવ્યું હતું. જમદાસભાઈ નરસિંધાણી તથા મહેન્દ્રભાઈ બી.પટેલ દ્વારા સમાજલક્ષી પ્રવચન આપી સમાજના ઉપસ્થિત યુવાનો-યુવતીઓ બાળકોના દિલ જીતી લીધા હતાં અને ગમ્મત સાથે સામાજીક જ્ઞાન પુરૂ પાડયું હતું. બાળકો દ્વારા રંગારંગ કાર્યક્રમ પણ યોજાયો હતો. ૧ થી ૫ ધોરણમાં અભ્યાસ કરતાં બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહેશભાઈ પટેલ બાકલપુર દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સમાજના શિક્ષિત યુવાનો દ્વારા કરવામાં આવ્યું હતું.




શામળાજી-ગોધરા રાજ્યધોરી માર્ગ પર આવેલા ઈસરોલ ગામ નજીકથી પસાર થતા બાઈકને શામળાજી તરફથી આવતી કાર (ગાડી.નં.જીજે.૦૬.એલઈ.૩૪૦૫) ના ચાલકે ગફલતભરી રીતે પુરઝડપે હંકારી પાછળથી ધડાકાભેર અથડાવી ટક્કર મારતા બાઈક કારના આગળના ભાગે ફસાઈ જતા કાર ચાલકે કાર ઉભી રાખવાને બદલે કાર હંકારતા બાઈક ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. કાર ચાલક કાર સ્થળ પર મૂકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતના પગલે આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ લોહીલુહાણ હાલતમાં તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ પોલીસને અકસ્માતની ઘટનાની જાણ કરતા મોડાસા રૂરલ પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

# વિજાપુરમાં કારકિર્દી અને માર્ગદર્શન સેમીનાર યોજાયો





વિજાપુરના રામબાગ ખાતે રવિવારના રોજ ડૉ. ડાહ્યાભાઈ પટેલ ટ્રસ્ટ વતી સુરેશભાઈ ડાહ્યાભાઈ પટેલ પ્રેરિત એક કારકિર્દી અને માર્ગદર્શન સેમીનારનું ખુબજ સુંદર આયોજન કરવામાં આવ્યુ હતુ. ધો. ૧૦ અને ધો. ૧૨ પછી વિદ્યાર્થીઓએ પોતાની કારકિર્દીને ઉજ્જવળ બનાવવા વધુ અભ્યાસ અર્થે કંઈ લાઈન લેવી તે અંગેનું સચોટ માર્ગદર્શન પુરૂ પડાયુ હતુ. આ પ્રસંગે મોટી વેશનલ સ્પીકર વસિમભાઈ કાઝી તેમજ પેથાપુરના કેયુરભાઈ પટેલે વિદ્યાર્થીઓ અને વાલીઓને સવિસ્તર હકીકત જણાવી માહિતગાર કર્યા હતા. વધુમાં દરેક વિદ્યાર્થીઓને પોતાની આગવી સુઝ, બુઝ અને રસ હોય છે અને તે પ્રમાણે તેઓ વિષય પસંદ કરે તો તેઓ તેમાં સફળતા હાંસલ કરતા હોય છે. દરેક બાબતને ગોખણપટ્ટી અને ફક્ત અભ્યાસ પુરતી સિમિત ન રાખી તેના માટે કાબેલ બનવા ભાર મુકાયો હતો. જે કારણે સફળતા તો આપોઆપ આવતી હોય છે જેવા રસપ્રદ તારણો પણ આ સેમીનારમાં રજુ થયા હતા. આ સેમીનાર થકી વિદ્યાર્થીઓ અને વાલીઓને સચોટ માર્ગદર્શન મળી રહેતા હળવાશ અનુભવી હતી અને આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે ઊંટલારીને અજાણ્યા વાહને ટક્કર મારતાં બે ને ઈજા

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના



નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજના કતપુર પાસે આવેલ ટોલનાકા પાસે વહેલી સવારે રોડની સાઈડમા જતી ઊંટલારીને કોઈ અજાણ્યાં ભારે વાહન ચાલકે ટક્કર મારતાં ઊંટલારીનુ કચ્ચરગાણ નીકળી ગયુ હતું. ઊંટલારીમાં સવાર બે ને ગંભીર ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં.

હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના કતપુર ટોલનાકા પાસે વહેલી સવારે રોડની સાઈડમાં જઈ રહી હતી તે સમયે કોઈ અજાણ્યા વાહન ચાલક ફુલ ફાસ્ટ હંકારી લાવી પોતાનું વાહન હંકારી લાવી ઊંટલારીને ટક્કર મારી ઊંટલારીનું કચ્ચરગાણ કરી દીધુ હતું તો ઊંટને પણ ઈજાઓ પહોચી હતી. લારીમાં સવાર ચાલક રમેશ વીરા રાવલ તથા મહેન્દ્રભાઈ લાલસિંહ રાઠોડને શરીરે બન્નેને ઈજાઓ પહોચતા લોહીલુહાણ થતાં ૧૦૮ મારફતે પહેલા પ્રાંતિજ અને વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતાં.

# મહેસાણા જિલ્લાની પોસ્ટ ઓફિસો ૧૬થી ૧૮ જુન બંધ રહેશે

મહેસાણા, તા.૪

ગ્રાહકોને ઝડપી અને વધુ સારી સેવા પુરી પાડવા માટે મહેસાણા ની તમામ પોસ્ટ ઓફિસોમાં ૧૬ જુન ૨૦૧૮ થી ૧૮ જુન ૨૦૧૮ દરમિયાન ડીઝીટલાઈઝેશની કામગીરી થનાર છે. આ સમયગાળા દરમિયાન નાણાંકીય લેવડ દેવ઼ડ બંધ રહશે. આ ઉપરાંત ૦૫ જુનથી કોઈપણ પ્રકારના ચેકની લેવડ દેવડ કરવામાં આવશે નહિ,૧૯ જુનથી રાબેતા મુજબ પોસ્ટ ઓફિસોમાં કામકાજ ચાલુ થશે. આ કામગીરીમાં જાહેર જનતાને સહયોગ આપવા સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફીસીઝ મહેસાણા ડીવીઝનની અખબારી યાદીમાં જણાવાયું છે.